सत्यमेव जयते

દાખલ તા.	૧૪/૦૭/૨૦૨૫
રજીસ્ટર તા.	૧૪/૦૭/૨૦૨૫
નિકાલ તા.	૨૧/૦૭/૨૦૨૬
સમયગાળો	વર્ષ : માસ : દિવસ :

પોરબંદરના નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું. પોરબંદર

રે.દિ.મુ.નં. ૧૧૨/૨૦૨૫
આંકઃ–

(૧) બીપીન ફીશના પ્રોપરાઈટર,
બીપીન જાદવ ભાદ્રેચા,
રહે. ચોપાટી રોડ, હોટલ લોર્ડસની સામે,
જિ.પોરબંદર. .....વાદી

વિરૂધ્ધઃ–

(૧) વિનુભાઈ મનુભાઈ બરીદુન,
ઉ.વ.આ.પુખ્ત, ધંધોઃમચ્છીની બોટનો,
રહે. જશોદા જી.આઈ.ડી.સી, સુરુચી સ્કુલ,
તા.જી.પોરબંદર. .....પ્રતિવાદી

બાબત	કોન્ટ્રાકટ એકટની કલમ–૭૪ મુજબ લેણી રકમ વસુલ મળવા અંગે

વાદી તરફે વિ.વ.શ્રી એન.ડી.ખત્રી.
પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી. જે.એમ. મહેતા.

–ઃઠરાવઃ–

(૧) વાદીઓએ હાલનો દાવો દાખલ કરી જણાવેલ છે કે, પ્રતિવાદી સાથે ફીશીગના માલનો વેચાણ કરવાનો વેપારી સંબંધ હોય પ્રતિવાદીને જરુર પડયે મચ્છીના ધંધાના

શિરસ્તા મુજબ વાદી ધ્વારા એડવાન્સ રકમ તથા ડીઝલના નાણા ચુકવાતા હતા. જે રકમ બેંક મારફત તથા વાઉચર મારફત આપવામાં આવી હતી. જેમાં પ્રતિવાદીની સહીઓ કરવામાં આવતી હતી. આમ, વાદીના એકાઉન્ટમા પ્રતિવાદી પાસે દાવા તારીખે રૂા. ૩,૯૫,૪૬૩/– રોકાતા હોય વાદીએ હાલનો દાવો દાખલ કરી રકમની માંગણી કરેલ છે. આ કામે વાદીએ મનાઈ હુકમની અરજી દાખલ કરેલ પરંતુ ત્યારબાદ નોટપ્રેસ કરતા ફેંસલ થયેલ છે.

(૨) પ્રતિવાદી તરફે આંક–૧૨ થી દાવા અરજીનો જવાબ રજુ કરેલ છે. જેમા પ્રતિવાદી તથા વાદી વચ્ચે વેપારી સંબંધો હોવાનુ સ્વીકારેલ છે પરંતુ પ્રતિવાદીને એડવાન્સ રકમ તથા ડીઝલની રકમ વાદી ચુકવતા હોવાનો ઈન્કાર કરેલ અને વાદીએ ચોકકસ પ્રકારે રકમ ચુકવેલાનુ તથા ડીઝલની રકમ આપેલાનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ ન હોય દાવો રદ કરવા રજુઆત કરેલ છે.

(૩) આ કામે આંક–૧૩ થી નીચે મુજબના મુદા કાઢવામાં આવેલ છે.

૧.	શું વાદી પુરવાર કરે છે કે, તેમના એકાઉન્ટમા પ્રતિવાદીનુ ખાતુ હોઈ તે મુજબ તા. ૧/૪/૨૫ થી વાદીના રૂા. ૩,૯૫,૪૬૩/– બાકી નીકળે છે ?
૨.	શું પ્રતિવાદી આંક–૧૨ ના જવાબની તકરારો પુરવાર કરે છે ?
૩.	શું વાદીના દાવાને લીમીટેશનનો બાધ નડતો હોઈ રદ થવા પાત્ર છે ?
૪.	શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?
૫.	શું હુકમ અને શું હુકમનામુ ?

(૪) ઉપરોકત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧.	" હકારમાં "
૨.	" નકારમાં "
૩.	" નકારમાં "
૪.	" હકારમાં "
૫.	" આખરી હુકમ મુજબ "

(૫) આ કામે આંક–૧૪ થી વાદીનુ સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે જેમા તેઓએ દાવા અરજી મુજબની હકીકતો દોહરાવેલ છે. જયારે પ્રતિવાદી તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હુ બીપીન ફીશનો પ્રો. હોવાનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે દાવા અરજી તથા સોગંદનામામા પ્રતિવાદીને કઈ તારીખે કેટલી રકમ એડવાન્સ આપેલ તેની સ્પષ્ટ હકીકત લખેલ નથી, તેમજ કેટલી રકમ બેંક મારફતે તથા વાઉચર મારફતે આપેલા તેની વિગત લખેલ નથી. એ વાત ખરી છે કે હુ જે એડવાન્સ રકમ આપેલાનુ જણાવુ છુ તે બાબતે પ્રતિવાદીની જે ફીશીગ બોટ હોય તેમા જે ફીશનો માલ આવે તે અમોને આપવાની હોય છે. એ વાત ખરી નથી કે ફીશીગ બોટમા જે કોઈ માલ આવે તેની કીમત નકકી કરવાની હોય છે. ફીશીગ બોટની કીમત સંબંધેના સવોલોમા સાહેદ જણાવે છે કે, કિંમત નકકી થતી નથી પરંતુ બોટમા જે કોઈ માલ આવે તેની હરાજી થાય છે. જેમાથી અમારુ કમીશન કટ કરી ભાવ ભરાઈ જાય. તેનુ બીલ બને છે. પછી બોટ કમ્પલેટ કરવા જે કોઈ પૈસા માંગે તેમા જે રકમ ઉપાડ પેટે માંગ તે અમે આપીએ છીએ. એ ાવત ખરી છે કે એડવાન્સની માંગે તેમા જે રકમ ઉપાડ પેટે માંગે તે અમે આપીએ છીએ. એ વાત ખરી છે કે એડવાન્સની રકમ ફીશની કીમતમાંથી બાદ કરવામાં આવતી હોય છે. એ વાત ખરી છે કે ફીશીગમા બોટ જાય તો કયારેક માલ ન આવે તેવુ પણ બને છે. એ વાત ખરી છે કે જયા સુધી અમારી નીકળતી રકમ પ્રતિવાદી ભરી ન શકે ત્યા સુધી તેઓ બીજાને માલ વેચી શકે નહી તેવો કરાર હતો. એ વાત ખરી નથી કે આંક–૧૬ નુ પત્રક મે તૈયાર કરેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૬ મા મારી સહી નથી. એ વાત ખરી છે કે આંક–૧૬ મા જે રકમ જમા બતાવેલ છે તે સંબંધે કોઈ આધાર રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૬ ના સ્ટેટમેન્ટોમા પ્રતિવાદી પાસે દાવાવાળી રકમ રોકાતી હોવાનુ દર્શાવેલ નથી. સાહેદ જણાવે છે કે રકમ કેરી ફોરવર્ડ કરેલ છે. એ વાત ખરી છે કે આંક–૧૯ થી ૨૨ સુધીના રજુ કરેલ દસ્તાવેજમા મારી તથા મારા ઓડીટરની સહી નથી. એ વાત ખરી નથી કે જયા સુધી અમે એન.ઓ.સી. આપીએ નહી ત્યા સુધી પ્રતિવાદીની બોટ ફીશીગમા જઈ શકે નહી. એ વાત ખરી નથી કે પ્રતિવાદીને અમે એન.ઓ.સી આપેલ ન હોય તેથી પ્રતિવાદીની

બોટ પાંચ વર્ષથી ફીશીગમા જઈ શકેલ નહી. એ વાત ખરી નથી કે સને ૨૦૨૩ મા પ્રતિવાદીને કોઈ રકમ એડવાન્સ તરીકે આપેલ નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદીએ અમોને જે માલ આપેલ તે સંબંધે કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદી પાસે કાયદેસર લેણુ બાકી નીકળતુ ન હોવા છતા ખોટા હીસાબો ઉભા કરેલ છે.

આ કામે આંક–૧૬ થી ૨૨ સુધીમા દસ્તાવેજી પુરાવા જેમા વાદીના હીસાબોમા પ્રતિવાદીના ખાતાનો ઉતારો, પ્રતિવાદીનુ સહીવાળુ વાઉચર, વાદીના બેંક ખાતાનો ઉતારો તથા વાદીનુ આઈ.ટી.રીટર્ન રજુ કરેલ છે. ત્યારબાદ વાદી તરફે આંક–૩૦ થી પ્રતિવાદીના ખાતાનો ઉતારો રજુ કરેલ છે. વાદી તરફે આંક–૩૧ થી સાહેદ ભાવેશ જેઠાલાલ જુંગીનુ સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે. જેમા તેઓએ ઉલટતપાસમા જણાવેલ છે કે,એ વાત ખરી છે કે હુ વડોદરા મુકામે ઓફીસ ધરાવી સી.એ.ની પ્રેકટીસ કરુ છુ. એ વાત ખરી છે કે હુ વાદીના કોઈ એકાઉન્ટ લખતો નથી. એ વાત ખરી છે કે વાદીએ કોની પાસેથી માલ લીધેલ હોય તેમજ કેટલો માલ આપેલ હોય કે કેટલી રકમ આપેલ હોય તેની મને અંગત માહીતી નથી. સાહેદ જણાવે છે કે હુ દસ્તાવેજ આધારીત હકીકત જણાવુ છુ. એ વાત ખરી છે કે વાદી તરફથી જે દસ્તાવેજો આપવામાં આવે તેના આધારે હુ ઓડીટ કરુ છુ. એ વાત ખરી છે કે વાદીના એકાઉન્ટની એન્ટ્રીઓ મે લખેલ નથી. એ વાત ખરી છે કે ઈન્કમટેક્ષ રીટર્ન હુ તૈયાર કરી તેની પ્રીન્ટ વાદીને આપુ છુ. એ વાત ખરી છે કે વાદીને પ્રતિવાદી સાથે કઈ રીતે કેવા વ્યવહાર છે તેની જાત માહીતી મને નથી. ત્યારબાદ આંક–૩૫ થી વાદી તરફે પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૬) આ કામે પ્રતિવાદી તરફે આંક–૩૯ થી વિનુભાઈ મનુભાઈનુ સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે. જેમા જવાબ મુજબની હકીકતો દોહરાવેલ છે. જયારે ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે સોગંદનામાના પારા–૭ મા જણાવેલ હીસાબ સંબંધે મે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આવો કોઈ પુરાવો મારી પાસે ઉપલબ્ધ નથી. આંક–૧૭ થી રજુ થયેલ ૮૫ વાઉચરમા અમુકમા મારી સહીઓ છે પરંતુ અમુકમા મારી સહીઓ અન્ય ઈસમે કરેલ હોય તેવુ જણાય છે.

એ વાત ખરી છે કે આ દસ્તાવેજો ખોટા હોવા સંબંધે મે કોઈ ફરીયાદ કરેલ નથી. હુ મારા ધંધાના કોઈ હીસાબો રાખતો નથી. એ વાત ખરી છે કે મે વાદી પાસેથી ઘણી વખત ઉપાડ લીધેલ છે. એ વાત ખરી છે કે આ ઉપાડ મુજબ મારે વાદીને માલ આપવો પડે. એ વાત ખરી નથી કે વર્ષના અંતે હીસાબ થતો હોય છે. અમે ઉપાડ લેતા જ નથી.

પ્રતિવાદીના સાહેદ પરષોતમભાઈ પાંચાએ પ્રતિવાદીને સમર્થન કરતુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમા વાદીની કોઈ રકમ પ્રતિવાદી સામે બાકી રોકાતી ન હોવાનુ જણાવેલ છે. જયારે વાદી તરફેની ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, અમારા ધંધામા જે ઈસમની બોટ હોય તે બોટ સીઝન માટે વેપારીઓ બાંધતા હોય છે. જે બાંધતા સમયે જરુરીયાત મુજબ વેપારીઓ બોટવાળાને પૈસા આપતા હોય છે. એ વાત ખરી છે કે બોટ જયારે ટ્રીપમા જાય ત્યારે રાશન માટે તથા ડીઝલ માટે વેપારી પૈસા આપતા હોય છે. એ વાત ખરી છે કે સામાન્ય રીવાજ મુજબ તેની સામે બોટ માલીકે બોટમા જેટલી મચ્છી પકડા તે જ વેપારીને મચ્છી આપવી પડે. એ વાત ખરી છે કે વિનુભાઈની બોટ બીપીન ફીશ એટલે કે વાદી સાથે કેટલા સમય સુધી જોડાયેલ તેની મને ચોકકસ ખબર નથી. એ વાત ખરી છે કે કેટલો માલ આવેલ, તેમજ કેટલો એડવાન્સ લીધેલ તે સંબંધે મને ચોકકસ ખબર નથી. એ વાત ખરી છે કે વાદી તથા પ્રતિવાદી વચ્ચે ચોકકસ શુ હીસાબ તથા સમજણ હોય તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે સોગંદનામામા જણાવ્યા મુજબ તમામ રકમ વાદીને પ્રતિવાદીએ આપી દીધેલ છે કે કેમ તે હુ ચોકકસ કહી શકુ નહી. એ વાત ખરી છે કે આ કેમા કોના લેણા નીકળે છે તે હુ કહી શકુ નહી. સાહેદ જણાવે છે કે હીસાબો તેઓ જ જાણતા હોય. એ વાત ખરી છે કે હુ બોટ એસોસીએશનમા સભ્ય સીવાય કોઈ હોદો ધરાવતો નથી. એ વાત ખરી છે કે પ્રતિવાદીની બોટ કયા કારણસર જતી ન હોય તે હુ ચોકકસ રીતે જાણતો નથી.

ત્યારબાદ આંક–૪૩ થી પ્રતિવાદી તરફે પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

પ્રતિવાદીના વિ.વ.શ્રી માંડવીયાએ દલીલ કરતા જણાવેલ છે કે, વાદીએ સમગ્ર દાવા અરજીમાં ચોકકસ કંઈ તારીખે વ્યવહારો થયેલા તેવી કોઈ તારીખ તથા રકમનો ઉલ્લખ કરેલ નથી. તે જ રીતે વાદી તથા પ્રતિવાદી વચ્ચે એડવાન્સ રકમ આપતા

હોવાનુ તેમજ પ્રતિવાદી જે માલ લઈને આવે તે માલ વાદીને સોંપતા હોવાની હકીકતનો ઉલ્લેખ કરેલ નથી. જેથી વાદીએ મહત્વની હકકીતો છુપાવેલ હોય તેમજ મટીરીયલ સપ્રેશન કરેલ હોય દાવો રદ કરવા રજુઆત કરેલ છે. વધુમાં વાદી તરફે આંક–૧૬ થી ૨૨ ના તમામ દસ્તાવેજો ઝેરોક્ષ રજુ કરેલ છે. જેથી અદાલતે જે તે સમયે ટેન્ટેટીવ આંક આપેલ હોય તે પુરવાર કરેલ ન હોય તેમજ પાકો આંક આપેલ ન હોય તેમજ તમામ દસ્તાવેજો ઈલેકટ્રોનીક દસ્તાવેજો હોય તે સબંધે કલમ–૬૫ (બી) મુજબનુ સર્ટીફીકેટ રજુ કરેલ ન હોય તેમજ આંક–૧૬ થી ૨૨ ના દસ્તાવેજો પુરાવામાં વંચાણે લઈ શકાય નહી. જેથી પણ દાવો રદ કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, વાદીએ જે ચોકકસ રકમનો દાવો કરેલ છે તે રકમ વાદી તરફે રજુ થયેલ આંક–૧૬ થી ૨૨ ના દસ્તાવેજોમાં કયાય દર્શાવેલ નથી. જેથી વાદી અદાલત સમક્ષ ચોખ્ખા હાથે આવેલ ન હોય વાદીનો દાવો રદ કરવા રજુઆત કરેલ છે.

(૭) બંને પક્ષની દલીલ સાંભળી. આ દાવાના કામે પ્રતિવાદીએ તેમના જવાબમાં વાદી સાથે વેપારી વ્યવહારો ચાલતા હોવાનુ સ્વીકારેલ છે. તે જ રીતે પ્રતિવાદીએ આંક–૩૯ ના તેમના પુરાવાના સોગંદનામામાં પણ વાદી તરફથી તેઓને પરચુરણ ખર્ચ તથા એડવાન્સ રકમ આપતા હોવાનુ સ્વીકારેલ છે. તે જ રીતે પ્રતિવાદીના સાહેદ પરષોતમભાઈએ આંક–૪૨ થી વાદી તથા પ્રતિવાદી વચ્ચે વેપારી વ્યવહારો ચાલતા હોવાનુ સ્વીકારેલ છે. તે સંજોગોમાં વાદી તથા પ્રતિવાદી વચ્ચે વેપારી વ્યવહારો ચાલતા હોવાનુ સાબિત માનવામાં આવે છે. વાદીએ પ્રતિવાદી પાસેથી લેણી રકમ માંગતા હોવા સંબંધેનુ સાબિત કરવા માટે આંક–૧૬ થી વાદીના ચોપડે પ્રતિવાદી વિનુભાઈ મનુભાઈ બરીદુનનુ ખાતુ ચાલનુ હોવાનુ દર્શાવવામાં માટે તેઓનો હિસાબી વ્યવહાર રજુ કરેલ છે. જે કુલ–૧૦ પાનનો હિસાબી વ્યવહાર વાદીએ રજુ કરેલ છે જેમાં તા.૫/૧૦/૨૦૧૬ થી શરુ કરીને છેલ્લે તા. ૨૧/૨૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમિયાનનો વાદીએ પ્રતિવાદીને અલગ–અલગ સમયે રકમો આપેલ તેમજ તે રકમો સંબંધે વ્યવહાર થયેલાનો ઉલ્લેખ કરેલ છે. જેમા છેલ્લા પાના ઉપર રૂા. ૫,૫૨,૦૨૩/– વર્ષ ૨૦૨૧ –૨૨ ની બાકી રહેલ રકમ વર્ષ ૨૦૨૨–૨૩ ના એડવાન્સ પેટે લીધેલ છે તેવો પણ ઉલ્લેખ કરેલ છે. તે જ રીતે છેલ્લા પાના ઉપર રૂા. ૬,૭૭,૦૨૩ નો ઉપાડ દર્શાવેલ

છે તેમજ ગણતરી દર્શાવીને રૂા. ૬,૭૭,૦૨૩/– ઉપાડમાંથી રૂા. ૨,૨૧,૫૫૯/– કુલ માલ બાદ કરતા રૂા. ૪,૫૫,૪૬૪/– બીપીનભાઈના નિકળે છે તેવો ઉલ્લેખ કરેલ છે. જે હીસાબ વાદીના ચોપડે લખાયેલ છે તેના આધારે વાદીએ રજુ કરેલ આંક–૧૭ થી વાદીના નામનુ ઈન્વોઈસ જેમાં રૂા. ૪,૦૦,૦૦૦/– નો ઉલ્લેખ કરેલાનુ રજુ થયેલ છે. જેની સાથે અલગ–અલગ સમયે વાદીના નામના પ્રતિવાદીએ એડવાન્સ પેટે લીધેલ રકમના દસ્તાવેજી પુરાવા અંદાજિત જે આંક–૧૭ વાળા સંયુકત દસ્તાવેજો આસરે ૮૫ રસીદ/ઈન્વોઈસ/બીલોને રજુ કરેલ છે. જેમા અલગ અલગ સમયે વાદી પાસેથી પ્રતિવાદીએ માલ ઉપાડ કરેલાનો ઉલ્લેખ કરેલ છે. જે બીલોમા પ્રતિવાદીની સહી હોવા સંબંધે પ્રતિવાદીની ઉલટતપાસમા પુછતા તેઓએ સ્વીકારેલ છે કે, " મને આંક–૧૭ થી રજુ થયેલ ૮૫ વાઉચરો બતાવતા તે જોઈને જણાવુ છે કે, અમુકમાં મારી સહી છે પરંતુ અમુકમા મારી સહી અન્ય ઈસમે કરેલ હોવાનુ તેવુ જણાય છે." આમ, વાદી તરફે રજુ થયેલ ૮૫ જેટલા બીલ/ઈન્વોઈસ/રસીદમાં પ્રતિવાદીની સહી હોવાનુ પ્રતિવાદીએ સ્વીકારેલ હોય વાદીના દાવાની હકીકતો માનવા કારણ છે. વધુમાં સદરહુ બીલ/ઈન્વોઈસ/રસીદ પૈકી તા. ૮/૫/૨૦૨૩ ના રોજનુ નં. ૮૨૪ નુ બીલ ધ્યાને લેતા તેમાં પ્રતિવાદીનુ નામ જણાય છે. જેમા લખેલ છે કે, સને ૨૦૨૨–૨૩ ના હીસાબો ફાઈનલ કરતા બીપીનભાઈની લેણી રકમ રૂા. ૪,૫૫,૪૬૪/– નીકળે છે. જેમાં પ્રતિવાદીની સહી છે. જેથી આંક–૧૭ થી રજુ થયેલ ૮૫ બીલ/ઈન્વોઈસ/રસીદ ધ્યાને લેતા વાદીના પ્રતિવાદી વિરુધ્ધ દાવાવાળી રકમ લેણી નીકળતી હોવાનુ માનવા કારણ રહે છે. વધુમાં આંક–૧૮ થી વાદી તરફે બેંક સ્ટેટમેન્ટ રજુ થયેલ છે. જે બેંક સ્ટેટમેન્ટ ધ્યાને લેતા તેમાં પણ પ્રતિવાદીએ અલગ–અલગ સમયે રકમ ઉપાડ કરેલાના વ્યવહારો જણાય છે. જે બંને દસ્તાવેજોથી વિરુધ્ધની હકીકત માની શકાય તેવો પ્રતિવાદી તરફે કોઈ ખંડનકારી પુરાવો રજુ થયેલ નથી. આ કામે આંક–૧૯ થી ૨૨ સુધી વાદીને એસેસમેન્ટ ૨૦૨૧–૨૨ નો ઈન્કમટેક્ષનો કાગળ રજુ થયેલ છે જે ધ્યાને લેતા વાદીની નાણાકીય સ્થીતી તથા સક્ષમતા સંબંધે અદાલત અનુમાન કરી શકે છે. આ કામે વાદીના ચોપડે તા. ૧/૪/૨૨ થી ૩૧/૩/૨૫ સુધીના હીસાબોની કોમ્પ્યુટરાઈઝ કાગળ રજુ થયેલ છે. જેમા પણ પ્રતિવાદી સામે રૂા. ૪,૫૫,૪૬૩/– બાકી નીકળતા હોવાનુ દર્શાવેલ છે. આમ, રજુ થયેલ આંક–૧૬ થી આંક–૨૨ સુધીના દસ્તાવેજો ધ્યાને

લેતા વાદીની દાવા અરજી મુજબ રકમ પ્રતિવાદી સામે બાકી નીકળતી હોવાનુ સ્પષ્ટ પુરવાર થાય છે. પ્રતિવાદીએ આંક–૧૨ ના દાવા જવાબમાં ડીનાઈલ સીવાય કોઈપણ હકીકત જણાવેલ નથી. તે જ રીતે પ્રતિવાદીએ જે સોગંદ ઉપર પુરાવો આપેલ છે તેનાથી પણ વાદીની હકીકતનોનુ ખંડન થતુ હોય તેવુ જણાતુ નથી. પ્રતિવાદીએ તેમની ઉલટતપાસમાં " મે હીસાબ સંબંધે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. આવો કોઈ પુરાવો મારી પાસે ઉપલબ્ધ નથી. વાદીએ રજુ કરેલ દસ્તાવેજો ખોટા હોવા સંબંધે મે કોઈ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે, વાદી પાસેથી ઘણી વખત ઉપાડ લીધેલ છે. આ ઉપાડ મુજબ મારે વાદીને માલ આપવો પડે." આમ, સમગ્ર હકીકતે વાદી તથા પ્રતિવાદી વચ્ચેનો વ્યવહાર પુરવાર થાય છે તેમજ આંક–૧૬ થી ૨૨ ના દસ્તાવેજો ધ્યાને લેતા વાદીનુ પ્રતિવાદી વિરુધ્ધનુ લેણુ પણ પુરવાર થતુ હોય મુદા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે તેમજ આંક–૧૨ ના જવાબમાં ડીનાઈલ સીવાયની કોઈ હકીકત જણાવેલ ન હોય મુદા નં. ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૮) આ કામે લીમીટેશન મુદે પ્રતિવાદીએ દાવા અરજીના જવાબમાં તકરાર લીધેલ હોય અદાલતે તે મુદો કાઢેલ છે. જે સંબંધે વાદીના વિ.વ.શ્રીએ હાલનો દાવો લીમીટેશનના આર્ટીકલ ૧ મુજબ પડતો હોવાનુ જણાવી પરસ્પર સંબંધો ચાલતા હોય અને તે મુજબ તેઓએ આંક–૧૬ થી આંક–૨૨ ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય કન્ટીન્યુઝ કોઝ ઓફ એકશન હોય તેમજ છેલ્લો વ્યવહાર ડીસેમ્બર–૨૦૨૨ મા થયેલ હોય જયારે હાલનો દાવો જુલાઈ–૨૦૨૫ મા દાખલ થયેલ હોય તે મુજબની દલીલ કરી દાવો લીમીટેશનમા હોવાનુ જણાવેલ છે. જેમા પ્રતિવાદીના વિ.વ.શ્રીએ જણાવેલ છે કે, વાદીએ આંક–૧૬ નો જે દસ્તાવેજ રજુ કરેલ છે તેમાં સને ૨૦૧૬ થી લઈને સને ૨૦૨૨ સુધીના વ્યવહારો થયેલ હોય સને ૨૦૧૬ થી પ્રથમ વ્યવહાર ગણવામાં આવે તો વાદીના દાવાને લીમીટેશનનો બાધ નડતો હોય દાવો રદ કરવા રજુઆત કરેલ છે. જે સંબંધે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો વાદીએ દાવા અરજીમાં દાવો દાખલ કરવા કારણ ઉત્પન્ન થયાની હકીકત પેરા–૯ મા દર્શાવેલ છે. જેમા પ્રતિવાદીએ વાદીની વારંવારની માંગણી છતા લેણી રકમ ચુકવેલ ન હોય તેના હીસાબો મુજબ તા. ૩૧/૩/૨૦૨૫ ના રોજ રૂા. ૩,૯૫,૪૬૪/– બાકી

નીકળતા હોવાનુ જણાવી દાવો દાખલ કરેલ છે. આ કામે પ્રતિવાદી તથા તેમના સાહેદે વાદી પાસેથી વારંવાર એડવાન્સ/ઉપાડ લેતા હોવાનુ સ્વીકારેલ છે. તે સંજોગોમાં બંને પક્ષકારો વચ્ચે સને ૨૦૧૬ થી લઈને સને ૨૦૨૨ સુધીમા અલગ–અલગ સમયે વાદી પાસેથી પ્રતિવાદીએ એડવાન્સ/ઉપાડ લીધેલ હોવાનુ અને તે મુજબ પ્રતિવાદી મચ્છીનો જે માલ તેઓની બોટમાં લાવેલ હોય તે માલ વાદીને આપેલ હોવાનુ માનવા કારણ રહે છે. તે સંજોગોમાં માત્ર આંક–૧૬ મા સને ૨૦૧૬ થી સને ૨૦૨૨ સુધીના હીસાબો વાદીએ દર્શાવેલાના આધાર રજુ કરેલ હોય તેટલા માત્રથી વાદીના દાવાને લીમીટેશનનો બાધ નડતો હોવાનુ માની શકાય નહી કારણ કે વાદી તથા પ્રતિવાદી વચ્ચે જે વ્યવહાર દાવા અરજીમાં જણાવેલ છે તે સતત ચાલતો આવેલાનુ વાદીના કથન મુજબ પ્રતિવાદી જે માલ વહાણમાં લઈને આવતા હતા તે સંબંધે વાદી તેઓને એડવાન્સ રકમ આપતા હતા અને તે એડવાન્સ રકમ પ્રતિવાદી સ્વીકારતા હતા તેમજ બોટમાં જયારે માલની લેવડ દેવડ આવે ત્યારે તે માલ પ્રતિવાદી વાદીને સોંપી દેતા હતા તે મુજબનો વ્યવહાર હતો. જેથી આ કેસમાં માલની ડીલીવરી અગાઉથી વાદી પ્રતિવાદીને આપતા હોય તેવો કોઈ કેસ ન હોય આર્ટીકલ ૧૪ લાગુ પડતો નથી પરંતુ અમારા મતે આર્ટીકલ ૨૪ તથા આર્ટીકલ ૧ લાગુ પડતો હોવાનુ અદાલતનુ માનવુ છે. આર્ટીકલ ૨૪ મુજબ જોવામાં આવે તો એક પક્ષ બીજા પક્ષને રકમ આપે અને તેવી લેણી રકમ બીજા પક્ષે ચુકવવાની હોય તે મુજબના સંજોગો હોય ત્યારે આર્ટીકલ ૨૪ લાગુ પડે છે. આ કામે વાદી પ્રતિવાદીને માલ આપતા હોય તેવો કોઈ કેસ નથી પરંતુ વાદી એડવાન્સ પ્રતિવાદીને આપતા હતા. તેથી રકમનો સ્વીકાર પ્રતિવાદી કરતા હોય તે મુજબ આર્ટીકલ ૨૪ લાગુ પડે છે તેમજ આર્ટીકલ ૧ મુજબ જયારે વાદી તથા પ્રતિવાદી વચ્ચે આવા વ્યવહારોની સતત આપ–લે તથા લેવડ દેવડ થતી રહેતી હોય મુચ્યઅલ તથા કંરટ વાદી હોય તે સંજોગોમાં વાદીનો દાવો લીમીટેશનમા હોવાનુ પુરતુ કારણ જણાતુ હોય મુદા નં. ૩ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૪ ની હકીકતે વાદી પુરવાર કરવામાં સફળ રહેલ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

(૧) વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ રૂા. ૩,૯૫,૪૬૩/– (અંકે રૂપિયા ત્રણ લાખ પંચાણુ હજાર ચારસો ત્રેસઠ પુરા) વાર્ષીક ૦૬ ટકાના વ્યાજ સહીત થતી તમામ રકમ વાદી વસુલ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત રકમ વાદી પ્રતિવાદીની જાત વ મિલકત હરેક પ્રકારે વસુલ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવવામાં આવે છે.

(૩) આ દાવાનુ વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ભોગવવાનુ રહેશે.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તા. ૨૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૨૧/૦૭/૨૦૨૬
સ્થળ: પોરબંદર

(ભાવેશ જેઠાભાઈ પટેલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
પોરબંદર, (જજ કોડ: ૦૦૯૭૭)